અમે કૉત દાંઝ્યુરનાં નીલ પાણી જોતાં જોતાં નિસ સુધી પહોંચ્યાં હતાં અને આ પહેલાં કેટલાક દેશોમાં દરિયાના બ્લુ પાણી જોયાં હતાં છતાં નિસના પાણીના રંગનો ઉઠાવ અનેરો જ હતો. આનાથી વધી જાય એવા જલધિનાં દર્શન કર્યાં હોય એવું સ્મૃતિપટ પર આવતું નહોતું... કિનારા સાથે અફળાતાં ધવલ ફીણભર્યાં મોજાં, એમની પાછળ ખેંચાઈને આવતાં ટર્કોઈઝ બ્લુ પાણી અને એ બધાની પૂંઠે છવાયેલાં ઘેરાં નીલ વારિ ! આંખો અને દિમાગ થાક્યાં ત્યાં સુધી અમે ક્ષિતિજ સુધી ફેલાયેલા સૌંદર્ય રસનું પાન કરતાં રહ્યાં.

કૉત દાંઝ્યુરની રાજધાની છે. નીલવર્ણો સમુદ્ર અને ઊંચા પર્વતો નિસની ઓળખ છે. ઇ.સ. ૩૫૦ વર્ષ પૂર્વે સ્થપાયેલા આ શહેર પાસે ઇતિહાસ અને સંસ્કૃતિ છે. સાંકડી ગલીઓ, નાના ચોક, ચોકમાંની બજારો, ખાણી-પીણીની લિજ્જત, રાતના ઝગમગી ઊઠતાં ચિત્તાકર્ષક દીવા-બત્તી, એ નિસની લાક્ષણિક અદાઓ છે.

નિસના સાગર પટ પર રેતી નથી, બલકે નાના નાના લીસા, ગોળ પથ્થર પથરાયેલા છે. એના પછી કિનારાને બાંધીને સહેલાણીઓને બેસવાની વ્યવસ્થા કરેલી છે. પ્રોમિનાડ દેશ એન્ગલે દરિયા કિનારા લાગીને આવેલો પહોળો પટ છે. દરિયા કિનારો પોતે પથ્થરોને લીધે ચાલવા યોગ્ય નથી તેથી લોકો ચાલવા, જૉગિંગ કરવા કે સાઈકલિંગ માટે આ પ્રોમિનાડ વાપરે છે. અમે પ્રોમિનાડ પર દરિયા અને બીજી બાજુએ આવેલી ભવ્ય હૉટેલ્સની સમાંતરે થોડી વાર ચાલ્યાં. નિસ પગે ચાલીને જોવા જેવું છે પણ સાવ નાનું નથી તેથી ચાલવું ન હોય તો શહેરમાં ફરવા બસની સારી સગવડ છે. અમે પ્રોમિનાડ પર ચાલતાં શહેરના હાર્દ સુધી પહોચવાનું પસંદ કર્યું. અમને સુંદર જૂનાં મકાનો જેની કિનાર રચતાં હતાં એવો ચોક જોવા મળ્યો. ત્યાં એક ફુવારો હતો જેને ઘેરીને ઘણાં લોકો બેઠાં હતાં.

એક ચોકમાં પલાઈ દ જાસ્ટિસ તરીકે ઓળખાતી કૉર્ટ આવેલી છે. મકાન ગ્રીક સ્થાપત્ય શૈલીની અસર તળે રચાયેલું છે. મકાનની મધ્યમાં આવેલા એના ઊંચા થાંભલાઓ અને કમાનો ધ્યાન ખેંચતાં હતાં અને પર્યટકો આ મકાનને પશ્ચાદ ભૂમાં રાખીને ફોટા પડાવતાં હતાં. ત્યાં ઘણા વકીલો જોવા મળ્યા. કૉર્ટની નજીકમાં જ સુંદર કેફેસ આવેલી છે. રાતે પલાઈ દ જાસ્ટિસ પર રોશની કરવામાં આવે છે જે મોડી રાત સુધી વ્યસ્ત રહેતા ચોકનું આકર્ષણ વધારે છે.

જરા આગળ જતાં જૂનું શહેર ચાલુ થતું હતું. પલાઈ દ જાસ્ટિસને મળતું સ્થાપત્ય ધરાવતું ચર્ચ એગ્લિઝ નોત્ર ધામ દામ દુ પોર્ટ પણ જૂના શહેરની નજીકમાં આવેલું છે. શિયાળામાં દર રવિવારે બપોરે સાડાત્રણ વાગે ક્લાસિકલ મ્યુઝિકનો એક કલાકનો કાર્યક્રમ હોય છે. આ ચર્ચ પાસેથી બંદરનો સરસ વ્યુ મળતો હતો.

નિસની ચમક દમકની વચ્ચે કંઈક ઝાંખો લાગે તેવા નિસનો જ, મોહકતા વિનાનો છતાં સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવતો એક ભાગ પણ છે જે શહેરનો જૂનો વિસ્તાર છે. અહીં વિવિધ રૅસ્ટોરાં, પ્રૉવેન્સ પ્રાંતની હાથ બનાવટની ચીજો વેચતી નાની દુકાનો, ચર્ચ, આમતેમ ફરતા પર્યટકો વગેરે મળીને એક એવું વાતાવરણ નિર્માણ કરે છે જેમાં ભળી જવાનું અને એને માણવાનું અમને ગમ્યું. અમને કોઈકે આ વિસ્તારમાં અમારી પર્સનું ધ્યાન રાખવાનું કહ્યું હતું તેથી અમે સજાગ હતાં, પરંતુ કોઈ અનિચ્છનિય બનાવ બન્યો નહોતો. સૂરજ આકાશમાં ચમકતો હોવા છતાં ઊંચાં મકાનોને લીધે તડકો નહોતો લાગતો. જૂના શહેરના દક્ષિણ છેડે આવેલી સાલેયા માર્કેટ તાજાં ફળો, ફૂલો અને શાકભાજી ઉપરાંત રોજ-બરોજની અનેક વસ્તુઓ માટે પ્રખ્યાત છે.

કૉત દાંઝ્યુર યુરોપિયન ચિત્રકારોનું માનીતું સ્થળ હતું. ઘણા ચિત્રકારોને અહીંના સૂર્ય પ્રકાશને લીધે વાતાવરણ અલગ, ઉઠાવદાર અને રંગીન લાગતું અને એમની અનુભૂતિ એમણે પોતાનાં ચિત્રોમાં ઉતારી છે. નિસ આ નીલ કિનારા પર આગવું સ્થાન ધરાવે છે તેથી અહીં કલાનાં ઘણાં મ્યુઝિયમ આવેલાં છે. ચિત્રકાર માટિઝે પોતાની જિંદગીનો મોટો ભાગ નિસમાં ગાળ્યો હતો તેથી સ્વાભાવિક રીતે તેનાં ચિત્રોનું મિટિઝ મ્યુઝિયમ ત્યાં છે. કૉત દાંઝ્યુર, નિસ અને પ્રૉવેન્સના સુંદર લૅન્ડસ્કેપ્સમાં જેમને રસ હોય તેમણે ચિત્રકાર એલેક્સિસ મોસાનાં ચિત્રાનં મ્યુઝિયમ જોવા જેવું છે. ઉપરાંત હજુ બીજાં મ્યુઝિયમો છે જેમાં માર્ક શેગલ અને પિકાસોનાં ચિત્રોનાં મ્યુઝિયમ પણ આવી જાય છે.

નિસ એવું શહેર છે જેની પર કુદરતે પોતાની અમી દૃષ્ટિ ચારે હાથે વરસાવી છે. નિતાંત સુંદરતા, ઉલ્લાસથી ભરેલું વાતાવરણ, જુવાનિયાઓને જાગવા માટે મજબૂર કરતી નાઈટ લાઈફ અને આ બધાંની સાથે યુરોપમાં મુશ્કેલીથી મળતું, માફક આવે તેવું હવામાન ! તેથી જ તો એને નિસ્સા લા બેલા ઉપનામ મળ્યું છે જેનો અર્થ સુંદર નિસ થાય છે. જિંદગીને એના ઉત્તમ સ્વરૂપમાં માણવા ઇચ્છનારા પર્યટકોની નિસ મનગમતો મુકામ છે.

નિસ્સા લા બેલ્લા વિશે જાણવા જેવું : ● નિસમાં અનેક રૅસ્ટૉરાં આવેલા છે તેથી દરેકના શોખ મુજબનું ખાવાનું મળે છે. વળી ત્યાં ઘણી ઈટાલિયન રૅસ્ટોરાં છે તેથી શાકાહારીઓ માટે પિઝા અને પાસ્તા શોધવા અઘરાં નથી. દરિયાકિનારે આવેલી રેસ્ટૉરો મોંઘી છે. તાજાં શાકભાજી અને ફળો છૂટથી મળે છે.

● નિસના એરપોર્ટ પરથી જ શહેરના હાર્દમાં જવા માત્ર દોઢ યુરોમાં બસ મળે છે. શહેરમાં ક્યાં પણ જવું હોય તો દોઢ યુરોની ટિકિટ થાય છે, પરંતુ એક સાથે દસ ટિકિટ લેવામાં આવે તો દસ યુરોમાં મળે છે. ચોખ્ખો પાંચ યુરોનો ફાયદો ! ડે પાસ અને વીક પાસ પણ મળે છે.

મન પર મણનો બોજ! – હરિશ્ચંદ્ર

સુરેશનું મન આજે અશાંત-અશાંત હતું. ઊંઘ જ આવે નહીં. ક્યાંય સુધી તેણે પથારીમાં પાસાં ફેરવ્યાં કર્યાં. વચ્ચે જરીક ઝોકું આવી ગયું. તંદ્રામાં જ તેનો હાથ બાજુમાં ફર્યો, પણ ત્યાં સીમા નહોતી, તેનું ભાન થતાં તે ફરી જાગી ગયો. મનમાં ઉદ્વેગ ફરી ઊછળી આવ્યો – સીમા મારું ન માની તે ન જ માની. પ્રવાસમાં ગઈ જ. જવાનું નક્કી કર્યું તે પહેલાં મને પૂછવું તો જોઈતું હતું!

'અરે મારું નામ પહેલાં નહોતું જ. જોશીબાઈ જવાનાં હતાં, પણ એમના દીકરાને સ્કૂટરનો અકસ્માત થયો. એટલે અચાનક મારે જવાનું થયું.' – બસ આવી દલીલ જ કરતી રહી. જમવાના ટેબલ પર સુરેશે કાલે ફરી વાત ઉપાડેલી : 'કેમ, પછી તેં શું નક્કી કર્યું?'

'શક્ય હોય ત્યાં સુધી હું ટાળું જ છું ને! આ વખતે બીજો કોઈ ઉપાય નથી અને માત્ર ચાર-પાંચ દિવસનો તો સવાલ છે.'

'પણ બાનું કાંઈ વિચાર્યું? રોજ તો તારી સવારની નિશાળ એટલે આખો દિવસ તું ઘરમાં હોય. હું રાતે મોડો આવું. બાને કોણ સાચવશે?'

સીમા મૂંગી રહી. તેવામાં બા જ બોલ્યાં : 'તેણે મને પૂછેલું. મેં જ કહ્યું કે કાંઈ વાંધો નહીં. તું તારે જઈ આવ.' સીમાએ કૃતજ્ઞતાથી બા સામે જોયું. અચાનક નક્કી થયું એટલે બા સાથે અગાઉ વાત નહોતી થઈ શકી, છતાં તંગ વાતાવરણને પામી જઈ બા તેની વહારે આવ્યાં હતાં.

સુરેશને બા ઉપર ગુસ્સો આવ્યો, 'તને પૂછ્યું અને તેં હા કહી દીધી?' 'અરે બાબા, તેનીયે નોકરી છે. ક્યારેક એડજસ્ટ તો કરવું પડે ને!'

'તો છોડી દે ને આવી નોકરી! આપણને હવે ક્યાં જરૂર છે?' સીમાને થયું. જરૂર માત્ર પૈસાની જ હોય છે? મને કામનો આનંદ મળે, મનમાં સમાધાન થાય, તેની કશી કીંમત નહીં?

ત્યાં સુરેશે બીજો મોરચો ખોલ્યો, 'સૌરભને પૂછેલું?' સીમા સડક થઈ ગઈ – હવે મારે સૌરભનેય પૂછવાનું?' ત્યાં સૌરભ જ બોલ્યો :

'પપ્પા, તમે નાહક રજનું ગજ કરો છો. સવારે હું કૉલેજ જાઉં ત્યારે તમે ઘરમાં હો જ છો. બપોરે ક્યાંય જવાને બદલે હું મિત્રોને અહીં બોલાવીશ. સાંજે ક્લાસમાં જવાનું થશે, ત્યારે દાદી દોઢેક કલાક એકલાં નહીં રહે?' દાદી એકદમ બોલ્યાં : 'શું કામ નહીં રહે? અને રસોઈ માટે તો બંને ટાઈમ બાઈ આવે જ છે.'

સુરેશના હાથ હેઠા પડ્યા. મનમાં ને મનમાં એ ધૂંધવાતો રહ્યો. સીમા ગઈ ત્યારે પણ એનું મોઢું ચડેલું જ હતું. રાતે અશાંત-અશાંત મનને કારણે ઊંઘ પણ ન આવી. નાનપણથી જ એનો હઠીલો સ્વભાવ. પોતાની મરજી મુજબ ન થાય, તો એ બેચેન-બેચેન થઈ જાય. બીજા માણસની મરજીનો, તેની અગવડ-સગવડનો એને વિચાર જ ન આવે. પોતાનું ધાર્યું ન થયું કે એ ધૂંઆફૂંઆ થઈ જાય. એને નાનપણનો એક પ્રસંગ યાદ આવ્યો. હશે એ દસેક વરસનો. મોટો તહેવાર હતો. મા બાજુના ગામે મંદિરે જઈ રહી હતી. ત્રણેક માઈલ ચાલીને જવાનું હતું. સુરેશની ઈચ્છા નહોતી, છતાં મા આગ્રહ કરીને લઈ ગઈ – 'ચાલ, આવતાં ટાંગો કરીશું.' એટલે મા સાથે ગયો, પણ પાછા ફરતાં ટાંગો મળ્યો નહીં. ભારે ભીડ અને મોં માગ્યા ભાવ માગે. છેવટે ચાલીને જ પાછા આવવું પડ્યું. ભાઈ પગ પછાડતા આવ્યા, પણ પછી રિસાઈને ખાધા-પીધા વિના સૂઈ ગયા. થોડી વારે પગે કોઈકના સ્પર્શથી જાગ્યા. જોયું તો મા પગને તળિયે તેલ ચોળી રહી હતી. પરંતુ ભાઈસાહેબે તો લાત મારીને પગ ખેંચી લીધા. જો કે આજે આ પ્રસંગ યાદ આવતાં એને થોડી શરમ આવી. માના પ્રેમનું પોતે કેવું અપમાન કર્યું!

આવું તો મા સાથે ઘણી વાર બનેલું. જરીક વાંકું પડ્યું કે ભાઈનો પિત્તો ગયો જ છે! અને સીમા સાથે તો આવા અનેક પ્રસંગ બન્યા. તેમાં વળી પોતાનો અહંકાર પણ ઘવાતો રહ્યો. લગ્ન બાદ તુરત મંદિરે ગયેલાં. સુરેશ દેવદર્શનમાં માને, પણ સીમાને મંદિરે જવાની ટેવ નહીં. સુરેશે લળી-લળીને નમસ્કાર કર્યા, પ્રદક્ષિણા કરી, આચમન લીધું. સીમા આશ્ચર્યથી એને જોઈ રહી. સુરેશના કહેવાથી સીમાએ જરીક નમસ્કારમાં માથું નમાવ્યું એટલું જ. સુરેશને બહુ ગુસ્સો આવ્યો. તે દિવસ તો તેણે સંયમ જાળવ્યો હતો, પણ પછી

(અનુસંધાન પાના નં. ૧૫ ઉપર)

જ્યાં જ્યાં નઝર મ્હારી ઠરે યાદી ભરી ત્યાં આપની; આંસુ મહીં એ આંખથી યાદી ઝરે છે આપની!
જોઉં અહીં ત્યાં આવતી દરિયાની મીઠી લહર, તેની ઉપર ચાલી રહી નાજુક સવારી આપની!

છીએ એના કરતાં થોડાક ઓછા દુઃખી થવાની કળા - સૌરભ શાહ

પોતાના વિશે બીજાઓ સતત ગેરસમજ કરતા રહે છે એવું વિચાર્યા કરવાની ટેવ આપણામાં હોય છે. આપણી દરેક વર્તણૂકને વાજબી ઠેરવવાનાં કારણો આપતાં રહેવાની જરૂર નથી. જેમનામાં ભરપૂર આત્મવિશ્વાસ તમને જોવા મળે એવી વ્યક્તિઓને જરા નિકટથી નીરખવી. એ લોકો ક્યારેય પોતે જે કંઈ કરે છે તે શા માટે કરે છે એની સ્પષ્ટતા આપ્યા નથી કરતા. આપણે જે કરવું છે તે કામ કર્યા પછી એ કામ પાછળના હેતુઓ વિશે બીજાઓ ભલે તર્કવિતર્ક કર્યા કરે, એ વિશે આપણે કોઈ ફિકર રાખવાની ન હોય.

પોતાની વર્તણૂક પાછળનો હેતુ સમજાવ્યા કરવાની જવાબદારીમાંથી મુક્ત થઈ જનારાઓને માનસિક સ્વતંત્રતાનો અનુભવ થાય છે. લોકોને કારણો આપવાનું બંધ કર્યા પછી 'ના' પાડતાં પણ શીખી જઈએ તો માનસિક તંદુરસ્તી પણ સુધરી જતી હોય છે. કોઈકને ત્યાં જમવા જવાથી માંડીને કોઈકનું નાનું-મોટું કામ કરી આપવાની બાબતમાં ઈચ્છા ન હોય ત્યારે ના પાડી દેવાથી આગળ આવનારી ઘણીબધી તકલીફોમાંથી ઊગરી જઈએ છીએ. પણ આપણે ના પાડતાં ડરીએ છીએ. બીજાને ખરાબ લાગશે એવું વિચારીને ના પાડતાં સંકોચ થાય છે. આવો સંકોચ સામેવાળી વ્યક્તિ પામી જશે અને એને ખ્યાલ આવી જશે કે તમે ક્યારેય ના પાડી શકો એમ નથી તો એની માગણીઓ ધીમે ધીમે વધતી જવાની. પછી તમારે અનિચ્છાએ સામેવાળી વ્યક્તિ દોરે એમ દોરાવું પડશે. પાંચ વાત ગાંઠે બાંધી લેવી:

૧. ઘણા લોકો વાત કરતી વખતે તમને ઉતારી પાડવાના પ્રયત્નો કરતા હોય છે. આવું કરીને તેઓ મિથ્યા સંતોષ લેવા માગતા હોય છે કે તમારા કરતાં પોતે ઊંચા છે. ભલે. એવા લોકોની સાથે જીભાજોડી કરવાથી કોઈ અર્થ નથી સરતો. દલીલબાજોની એક જુદી જ દુનિયા હોય છે. તાત્ત્વિક પ્રશ્નની ચર્ચા ન હોય અને તદ્દન ક્ષુલ્લક વાત હોય તો પણ તમે ખોટા છો એવું ઠસાવવા તેઓ દલીલ પર દલીલ કરતા રહે છે. આવા લોકોની સામે તમારો સાચો મુદ્દો પણ ખોટો ઠરવાનો. ઉત્તમ એ જ કે એમની દલીલનો જવાબ નહિ વાળવાનો.

૨. બીજાઓ તમારા વિશે કેવો અભિપ્રાય ધરાવે છે એની દરકાર ક્યારેય ન રખાય. લોકો તમારા વિશે કંઈ પણ વિચારે, તમારે શું ? આપણા વિચારો, કે આપણો સ્વભાવ કોઈને ન ગમે તો એ એનો પ્રશ્ન છે, આપણો નહીં. કોઈકની અપેક્ષા મુજબ આપણી જિંદગીમાં ફેરફાર કરવાનું શરૂ કરીશું તો એનો કોઈ અંત નહીં આવે. કેટકેટલાની અપેક્ષાઓ સંતોષીશું ? કેટકેટલી અપેક્ષાઓ સંતોષીશું ?

૩. મક્કમ રહેવાથી સામેવાળાને તમારી શક્તિનો અંદાજ આવે છે. મક્કમતામાં અને જીદમાં ફરક છે. બેમાંથી કઈ રેસ્ટોરાંમાં નાસ્તો કરવા જવો છે એ વિશે તમે તમારો આગ્રહ પડતો મૂકો એને કારણે કંઈ તમે ઓછા મક્કમ નથી થઈ જવાના. આવી બાબતોમાં જીદ ખોટી; પણ કોને મળવું ને કોને નહીં, જીવનમાં શું કરવું ને શું નહિ, કયા સિદ્ધાંતો રાખવા ને કયા નહિ - આવી અનેક બાબતોમાં બીજાઓના આગ્રહ કે અભિપ્રાય નમતું ન જોખાય.

૪. બીજાઓને ખુશ કરવાની જવાબદારી તમારી નથી. તમારી પહેલવહેલી જવાબદારી છે જાતને ખુશ રાખવાની. તમે પોતે આનંદમાં હશો તો તમારી આસપાસના સૌ કોઈ તમને જોઈ આનંદિત થશે અને જો કોઈ તમને ખુશ જોઈને ખુશી ન અનુભવે તો એવા લોકોની તમને બિલકુલ જરૂર નથી.

૫. જેના ને તેના પર આવેશમાં આવીને, ઝાઝું વિચાર્યા વગર વિશ્વાસ મૂકી દેવાની ટેવ ખોટી. કોઈના પર ઝડપથી મૂકી દીધેલો વિશ્વાસ ઝડપથી તૂટી જાય એવું વારંવાર બનતું રહે તો લોકો પરથી તમને વિશ્વાસ ઊઠી જશે. સો ટકા ભરોસો તમારી આસપાસની તમામ વ્યક્તિ પર ન મૂકી શકાય. કઈ વ્યક્તિ પર કઈ વાતે વિશ્વાસ મૂકી શકાય એ સમજી લેવું જોઈએ. ઑફિસનો લિફ્ટમેન તમારા બિઝનેસની ખાનગી વાતને ખાનગી રાખશે એવો વિશ્વાસ ન રખાય, પણ તમે ફ્રેક્ચરવાળા પગે ચાલી નહીં શકો એમ હો ત્યારે એ પોતાના ખભાનો ટેકો આપીને છેક તમારી કાર સુધી લઈ જશે એવો વિશ્વાસ જરૂર રાખી શકો. સુખી થવું હોય તો એવી જ વ્યકિતઓ પર સંપૂર્ણ ભરોસો મૂકવો જે ભવિષ્યમાં તમારો વિશ્વાસઘાત કરે તો પણ

તારા ઉપર તારા તણાં ઝૂમી રહ્યાં જે ઝૂમખાં, તે યાદ આપે આંખને ગેબી કચેરી આપની!
દેખી બૂરાઈ ના ડરૂં હું, શી ફિકર છે પાપની ? ધોવા બૂરાઈને બધે ગંગા વહે છે આપની!

તમને લાગે કે આ તો માત્ર ગેરસમજ છે.

અને હવે ત્રણ વાત ગાંઠેથી છોડી નાખવા જેવી:

એક. બીજા લોકોને શું જોઈતું હોય છે તમારી પાસેથી ? એક તો, દરેક વ્યક્તિ ઈચ્છે કે પોતાની સારી બાજુઓને સામેની વ્યક્તિ ઓળખે અને બને તો શબ્દો દ્વારા એ સદ્‌ગુણોની કદર કરે. બીજું, પોતાની વાત સામેની વ્યક્તિ શાંતિથી અને ધ્યાનથી સાંભળે, વચ્ચે ખલેલ પહોંચાડ્યા વિના સાંભળે. કારણ વિનાની કે કારણ સાથેની, તોછડાઈ કોઈને નથી ગમતી. વાતવાતમાં કોઈના પર ગુસ્સે થઈ જવું એ પણ બીજાના તિરસ્કારનો જ એક પ્રકાર છે અને ચોથી, સૌથી મહત્ત્વની વાત એ કે દરેક વ્યક્તિને બીજું કોઈ પોતાની ચારે બાજુ છવાઈ જાય છે એ નથી ગમતું. સતત કોઈ માથે ઝળુંબતું હોય કે પોતાના તમામ કલાકોનું કોઈ સાક્ષી હોય એવું કોઈનેય નથી ગમતું. અંગત સંબંધીઓ હોય, મિત્રો હોય કે માત્ર પરિચિત હોય, દરેકને પોતાની રીતે હરવાફરવાની, વર્તવાની, વિચારવાની છૂટ જોઈએ. સંબંધોનો ઈજારો લઈ લેવાથી થોડા જ સમયમાં એમાંથી બંધિયારપણાની વાસ આવવા માંડે છે.

બે. સામેની વ્યક્તિ કોઈક ભૂલ કરતી હોય કે એના વિચારો આપણી દૃષ્ટિએ ખોટા જણાય ત્યારે તમે ખોટા છો એવું જજમેન્ટ તરત આપી ન દેવાય. તમે તમારી દૃષ્ટિએ એની પરિસ્થિતિ જોઈ છે, સામેની વ્યક્તિને પોતાના જીવનની વધારે દરકાર હોવાની. એ જે કંઈ કરે તે સમજીવિચારીને કરે છે. ક્યારેક એનો તર્ક તમને ન સમજાય તો માની લેવું કે એ કામ કરવાનાં ખરાં કારણો એ છુપાવવા માગે છે. તમને પૂરેપૂરી હકીકતોથી વાકેફ કરવા નથી માગતી. ગામઆખાના કાજી બનીને દરેક વ્યક્તિની દરેક વાતનો ન્યાય તોળતા રહેવાની આદતથી મિત્રોમાં તમારી અપ્રિયતા વધતી જવાની. તમારે આમ નહોતું કરવું જોઈતું કે તમે તે રીતે વિચારો છો તે ખોટું છે એવું કહ્યા કરવાથી મિત્રો દૂર ભાગશે. ક્યારેક ખરેખર સામેની વ્યક્તિની વર્તણૂક ખોટી લાગતી હોય તો પણ શંકાનો લાભ એને આપવો જોઈએ.

ત્રણ. એક સત્ય સ્વીકારી લેજો કે તમે લોકોની ટીકા જેટલી વધારે કરશો એટલી વધારે ટીકા તેઓ તમારી કરશે. કાં તો તમારે આ માટે તૈયાર રહેવું જોઈએ, કાં ટીકા કરવાનું છોડી દેવું જોઈએ. કેટલાક સંબંધોમાં વાજબી લાગે એવી બાબતોની પણ ટીકા કરવાનું ટાળવું જોઈએ. ટીકા કરવી જ પડે એવી પરિસ્થિતિ સરજાતી લાગે ત્યારે સામેવાળાના તમામ સંજોગો જાણી લેવા જોઈએ. આટલું કર્યા પછી સુખી થઈ શકીએ કે નહીં એની ખબર નથી, છીએ એના કરતાં થોડા ઓછા દુઃખી જરૂર થઈ શકીએ.

* * *

મન પર મણનો બોજ ! (અનુસંધાન પાના નં. ૧૩ થી ચાલુ)

આવે વખતે તેનો ગુસ્સો ખરાબ સ્વરૂપમાં પ્રગટ પણ થઈ જતો, 'મારા કહેવા છતાં ન કરે ?' - એમ એનો અહં ઘવાતો. જો કે આજે એને યાદ આવ્યું કે સીમાએ કદી ક્યારેય ગુસ્સો નથી કર્યો, પણ એના ગુસ્સાને સહન કરી લીધો છે. ઘણી વાર એણે જતું કર્યું છે અને ગમે તે રીતે એને એડજસ્ટ થવાની જ કોશિશ કરી છે. કોઈક બાબતમાં એને પોતાની જ વાત સાચી લાગી હોય અને છોડવા જેવી ન લાગી હોય, ત્યારે પણ મક્કમતાથી પણ બહુ ધીરજથી અને પ્રેમથી જ પોતાની વાત સુરેશને સમજાવી છે.

આજે સીમાની ગેરહાજરીમાં આ બધું યાદ આવતાં સુરેશ થોડો ઢીલો પડ્યો. અનેક વાર પોતે પકડી રાખેલી હઠ એને યાદ આવી. તે વખતે સીમાને પોતે કેટલો બધો અન્યાય કરેલો ! આ પ્રવાસમાં ન જવા દેવાની પણ શું આવી જ એક હઠ નહોતી ? મા અને સૌરભ જે જોઈ શક્યા, તે પોતે કેમ ન જોઈ શક્યો ? સૌરભે કહ્યું તેમ એ પોતે રજનું ગજ કેમ કરી બેઠો ? નર્યા અહં સિવાય આમાં બીજું શું હતું ? વીસ વરસના દાંપત્યજીવન બાદ પણ પોતાનું આવું વર્તન શોભે એવું હતું ? બધું મારી મરજી મુજબ જ થવું જોઈએ, એવું શું કામ ? - આવા આવા વિચારો આવતા ગયા તેમ તેમ એનો અહં ઓગળતો ગયો અને મનની બેચેની દૂર થતી ગઈ. ભારે હળવાશનો એને અનુભવ થવા લાગ્યો. મન પરથી જાણે મણનો બોજ ઊતરી ગયો. મનમાં શાંતિ અને પ્રસન્નતા પ્રસરતી ગઈ. સીમાની યાદ એને તીવ્રપણે આવતી ગઈ. એ મીઠી યાદમાં ને યાદમાં એને સરસ મજાની ઊંઘ આવી ગઈ.

* * *

જ્યાં જ્યાં મિલાવે હાથ યારો ત્યાં મિલાવી હાથને, અહેશાનમાં દિલ ઝૂકતું, રહેમત ખડી ત્યાં આપની!
પ્યારૂં તજીને પ્યાર કોઈ આદરે છેલ્લી સફરઃ ધોવાઈ યાદી ત્યાં રડાવે છે જૂદાઈ આપની!
- કલાપી

જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

શ્રી ભલારાદાદા ટ્રસ્ટ લાલપુર

શ્રી ભલારાદાદા ટ્રસ્ટ લાલપુરની ૨૯મી સમુહ પહેડી ચૈત્ર સુદ (બીજ) બુધવાર તા.૨૯-૩-૨૦૧૭ના સાંજે ૪ કલાકે કાલીદાસ ઓપન ગ્રાઉન્ડ, પી.કે.રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦ ખાતે રાખવામાં આવેલ છે. આ પહેડીમાં ભક્તિ સંગીત સાંજના ૪.૩૦ કલાકે તેમજ સમુહ દિવડા આરતી રાત્રે ૮.૩૦ કલાકે થશે.

લાલપુર ખાતે ધ્વજારોપણ નિમિત્તે ત્રિહાન્હિકા મહોત્સવ ચૈત્ર સુદ તેરસ, ચૌદસ અને પુનમ રવિવાર તા.૦૯-૪-૨૦૧૭, સોમવાર ૧૦-૪-૨૦૧૭, મંગળવાર ૧૧-૪-૨૦૧૭ના દિવસે રાખવામાં આવેલ છે.

શ્રી છત્તીસગઢ કચ્છી જૈન સંઘ, રાયપુર

રાયપુરમાં ચાતુર્માસ અર્થે બિરાજમાન પ.પૂ. સાધ્વી શ્રી સમયગુણાશ્રીજી મ.સા. અને પ.પૂ. શ્રી શ્રુતગુણાશ્રીજી મ.સા. નિશ્રામાં વિવિધ કાર્યક્રમ યોજવામાં આવેલ.

તા. ૦૬/૧૧/૨૦૧૬ શ્રી નવકાર જાપ મહા અનુષ્ઠાન - યુવા વિધિકાર શ્રી હર્ષ ભાઈ દેઢિયા ના સથવારે.

તા. ૦૭/૧૧/૨૦૧૬ નાંદેડ નિવાસી શ્રીમતી સંગીતાબેન સંજયભાઈ ભંડારી પરિવાર દ્વારા શ્રી પાર્શ્વ પદ્માવતી દેવી મહાપૂજન યોજવામાં આવેલ.

પરમપૂજ્ય સાધ્વી દ્વયની પ્રેરણા અને માર્ગદર્શનમાં ''શ્રી સમય શ્રુત સામાયિક મંડળ'' ની સ્થાપના કરવામાં આવેલ. જેમાં દર મહિને ઉપાશ્રયમાં એક સામાયિક કરાવવામાં આવશે.

શ્રી કચ્છી જૈન મહિલા મંડળ કલકત્તા

તા. ૪-૧૦-૨૦૧૬ના રોજ ઉષાબેન શાહ તરફથી કીટી પાર્ટીનું આયોજન રાજધાની હૉટલમાં કરવામાં આવેલ. હાઉસી માં ૧) રીટાબેન સાવલા, ગીતા શાહને પ્રાઈઝ મળેલ ૧) મીતા લાલકા, કીર્તી શાહ ને પ્રાઈઝ મળેલ.

તા. ૩-૧૧-૨૦૧૬ના રોજ ગીતાબેન શાહના ઘરે જાપ તેમણે રાખવામાં આવેલ. જાપ પછી સાધર્મિક ભક્તિ કરાવી મંડળને ૨૦૦ રૂા. ભેટ આપેલ છે.

તા. ૬-૧૧-૨૦૧૬ ના રોજ સંઘ તરફથી કચ્છી ભુવનમાં સ્નેહમિલન રાખવામાં આવેલ. પાસ થયેલ બધા વિદ્યાર્થીને પ્રાઈઝ આપવામાં આવેલ. સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ.

તા. ૧૨-૧૧-૨૦૧૬ના કચ્છી ભવનમાં નૂતન વર્ષના સ્નેહમિલનનું આયોજન હતું.

જયશ્રીબેન ખોના તથા મીતા લાલકાએ બે ગ્રુપમાં રમતો રમાડી, કવીઝ, દીવડા, મીણબત્તી, રંગોળીના રંગ તથા થર્મોકોલમાં ચિત્રિત ફલાવરમાં રંગ પૂરવા સહિતની રમતોનો સમન્વય કરીને માળા રૂપે પ્રસ્તુત કરવામાં આવી હતી.

શ્રેષ્ઠ વેષભૂષામાં ૨૦ થી ૪૦ વરસ સુધીમાં પૂજા લાલકા, નીરા લાલકા. ૩૦ થી ઉપર પ્રભા ધુલ્લા, રતન શાહને પ્રાઈઝ મળેલ. અલીબર્ડમાં હંસાબેન મહેતાને પ્રાઈઝ મળેલ.

તા. ૨૭-૧૧-૨૦૧૬ના મંડળનો વાર્ષિક ઉત્સવ રાખવામાં આવેલ. શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણી પૂજા ભણાવવામાં આવેલ.

આરતી - હેમલતાબેન પદમશીભાઈ, મંગળદીવા - ગુણવંતીબેન લુઠિયા, શાંતિકલશ - જેવંતીબેન શાહ.

બધાને સાધર્મિક ભક્તિ કરાવવામાં આવેલ.

તા ૫-૧૧-૨૦૧૬ના શુચીલાબેન લાલકાને ઘરે જાપ રાખવામાં આવેલ. મંડળને રૂા. ૫૦૦/- ભેટ મળેલ છે.

૬-૧૧-૨૦૧૬ના સરલાબેન ખોના તરફથી કચ્છી ભુવનમાં જાપ રાખવામાં આવેલ. મંડળને રૂા. ૫૦૦/- ભેટ મળેલ છે.

બેડમીન્ટન ચૅમ્પીયન

મુલુંડના રાજેશ કાંતિલાલ મોતા (તેરા)ની સુપુત્રીઓ ચી. પ્રાચી અને ચી. ખુશી સુધીર કોમ્પલેક્ષ વેલ્ફેર અસોસીએશન

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)

M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.

Asia's First ISO 9001:2000 Certified Gin Press

યોજિત બેડમીન્ટન ચેમ્પીયનશીપ ટુર્નામેન્ટમાં ડબલ કેટેગરીમાં અનુક્રમે પ્રથમ તેમજ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

તિરપુરમાં રક્તદાન શિબિર

તિરપુરમાં જ્ઞાતિજન સતીશ નાગડા અને હાર્દિક છેડાની કંપની પ્રાચી એક્સપોર્ટ દ્વારા મયુરાચી ભક્કલ અમાઈપુ અને એચડીએફસી બેંકના સહયોગમાં તા. ૧૦/૧૨/૨૦૧૬ના રક્તદાન શિબિર યોજીને ૧૦૧ બોટલ લોહી એકઠું કર્યું હતું.

ચાળીસગામમાં ચાર્તુમાસ આરાધના

ચાળીસગામમાં પર્વ પર્યુષણની આરાધના સારી રીતે પાર પડી પ. પૂ જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ. હિમાંશુશ્રીજી મ.સા. આદી ઠાણા બેનો ચાર્તુમાસ હોવાથી આરાધના સારી રીતે થઈ.

કુમારી અક્ષીતાબહેન દલેશભાઈ મોમાયા ૧૬ ઉપવાસ. અ.સૌ. તેજસ્વિની અમિતભાઈ મોતા તથા અમિતભાઈ મહેંદ્રભાઈ મોતા ૧૧ ઉપવાસ થયેલ. ૯ ઉપવાસ - ઉત્તમભાઈ મૈશેરી, અ. સૌ. મધુરીબેન પદમશી સોની, સુશાંત કમલેશ મૈશેરી ૬ ઉપવાસ.

અઠ્ઠમ : ચંદ્રેશભાઈ મુલજી નાગડા, અમીતભાઈ સંઘવી, દિવ્યાબેન કપીલ લોડાયા, ધિરજલાલ ભવાનજી ગોસર.

૮ ઉપવાસ : શા. દલેશભાઈ જવેરચંદ મોમાયા, હાર્દિકભાઈ ભરત લોડાયા, અ. સૌ. તૃપ્તીબેન નિલેશ પટેલ, નિશાબેન કિશોરભાઈ ધુલ્લા

અક્ષય નિધી તપ - અ. સૌ. કાજલબેન કેતન મોમાયા, બકુલભાઈ ખિમજી મૈશેરી, સુરૈયાબેન, અ. સૌ. ભવિતાબેન અજય પોલડીયા,

સમવસરણ તપ : શા. નિશાંતભાઈ લાલજી મોમાયા, માતુશ્રી લક્ષ્મીબાઈ લાલજી મોમાયા, અ. સૌ. જ્યોતીબેન નિશાંતભાઈ મોમાયા, અ. સૌ. સ્નેહાબેન ભાવેશ મોમાયા.

વર્ષી તપના તપસ્વી - શા. રાજેન્દ્રભાઈ લક્ષ્મીચંદ લોડાયા, શા. કિશોરભાઈ મણીલાલ ધુલ્લા, અ. સૌ. પારુલબેન કિશોરભાઈ ધુલ્લા, અ. સૌ. મધુબેન કમલેશભાઈ મૈશેરી, અ. સૌ. દિપાલીબેન ધનપતી રતાણી, અ. સૌ. દિપાબેન મનિષભાઈ લોડાયા, અ. સૌ. તિલેત્તમાબેન રાજેન્દ્ર લોડાયા, શા. કિર્તીકુમાર રમેશભાઈ ધરમશી, શા. ઉત્તમભાઈ મૈશેરી, મિનાબેન મૈશેરી, યોગેન્દ્રભાઈ ગોસર, એમના વર્ષીતપ ચાલુ છે.

કલ્પસુત્ર પધરાવવાનો ચઢાવો ૫૦૧ મણ માતુશ્રી લક્ષ્મીબાઈ લાલજી મોમાયા, કલ્પસુત્ર વ્હોરાવવાનું માતુશ્રી જયાબાઈ જવેરચંદ મોમાયા - ૩૦૧૦૧ રૂપીયા.

પારણું પધરાવવાનું કૌશિકભાઈ પોલડીયા -૬૪૬૪ મણ, ૪૫ આગમની આરાધના, ગ્રીન એકાસણા, અઠ્ઠમ તપની આરાધના એવી નાની મોટી ઘણીજ આરાધનાઓ થયેલ. પાર્શ્વનાથ અનુષ્ઠાન પણ થયેલ. ભાવયાત્રા અનુષ્ઠાન, જયવિયરાય અનુષ્ઠાન, અષ્ટોતરી તિર્થમાળા અભિષેક, ૧૪ ગુણ સ્થાનક અનુષ્ઠાન, ક્ષમા યાચના અનુષ્ઠાન પણ થયેલ. બહારગામથી પણ સારી સંખ્યામા ભાવિકો પધારેલ.

ભુજપુર ગુરૂમંદિરનો ૬૮મો ધ્વજારોહણ સમોરોહ

શ્રીપૂજ શ્રી જિનેન્દ્રસાગરસૂરિશ્વરજી મહારાજ સાહેબના સંયમપૂત દેહનો અંતિમ સંસ્કાર થયો હતો તે ૬૮ વરસ સાધનાથી પવિત્રતમ બનેલ દેહના અણુ-પરમાણુ પથરાયેલ હોય એ સ્થાન તો સદ્‌ગુરૂની ઊર્જા પ્રાપ્તિ માટેનું શ્રેષ્ઠ સ્થાન ગણાય. અંતિમ સમાધિ ભુમિનુ ગુરૂમંદિર શ્રેષ્ઠ સદ્‌ગુરૂ તીર્થ છે.

એ સ્થાને ભાવિકોની હાજરીમાં કારકત વદ ૧૦ બુધવારના ૬૮મો ધ્વજારોહણ થવા પામેલ. તપ-જાપ-જીવદયાના ધાર્મિક કાર્યો થયેલ. ભાવાંજલિ શ્રીપૂજ મહારાજના જીવન પ્રસંગો ઝલક વિવિધ વક્તા અને યતિશ્રીએ જણાવેલ. આભાર વિધિ હર્ષવર્ધને કરેલ.

સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવા :
વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, પ્રભાવના જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી. કાર્યક્રમમાં નવકાર મંત્ર પઠન થયું, કયા મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કર્યું, શાની પ્રભાવના થઈ કે સંઘપૂજન કેટલું થયું, કેવો આહાર લીધો કયા મહાનુભાવો પધાર્યા એવી ઔપચારિકતાની વિગતોને બદલે કાર્યક્રમની મુખ્ય વિગતો જ મોકલવી.

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહના સુવિધાયુક્ત અતિ આધુનિક ભવનના જ્ઞાતિ અર્પણ નિમિત્તે સૌ દીર્ઘદૃષ્ટા શિક્ષણપ્રેમી આગેવાનોને સ્મરણાંજલિ.
- ચીમન મોતા *તન-મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

જીવનચક્ર

જન્મ

૦૧-૧૦-૧૬	દાદર	પલાશ, કાજલ અમર લોડાયા	સુથરી	પુત્ર
૧૬-૧૧-૧૬	જાલના	વેનીશા, પાયલ પરાગ બીપીન પોલડીયા	બાયઠ	પુત્રી

સગપણ

૧૪-૧૨-૧૬	ભાંડુપ	ગૌરાંગ હુકમચંદ લક્ષ્મીચંદ છેડા	સુજાપુર	૨૬
	ઘાટકોપર	રિધ્ધી ભરત વનરાજ લોડાયા (શાહ)	રંગપુર	૨૩
૧૪-૧૨-૧૬	ભાંડુપ	ચિરાગ કુલીનકાંત (કિશોર) પ્રેમજી ગોશર	બારોઈ	૩૦
	ઘાટકોપર	હેતલ પારસ પદમશી મૈશેરી	રાપર	૨૯

અંતરજ્ઞાતિય સગપણ

૧૪-૧૨-૧૬	ડોમ્બીવલી	નીરંજન હરીશ કેશવજી ધરમશી	રંગપુર	૨૫
	ડોમ્બીવલી	હેતલ મોહન દેવજી ધભા	હાજાપર	૨૪
૧૪-૧૨-૧૬	બોરીવલી	ચિંતન પ્રદીપ જયચંદ નાગડા (શાહ)	નલીયા	૨૮
	થાણા	દિવ્યા રમેશ કેશવદેવ હર્ષવાલ	થાણા	૨૮

અંતરજ્ઞાતિય લગ્ન

૧૦-૦૭-૧૬	થાણા	પૂર્વેશ જિતેન્દ્ર ધનજી ધરમશી	સાંધાણ	૩૪
	ધનબાદ	પુજા વિજય વર્મા	ઝારખંડ	૩૩
૦૪-૧૨-૧૬	ઘાટકોપર	ચીંતન રજનીકાંત નાગડા	તેરા	૨૬
	ઘાટકોપર	અમી રાજેન્દ્ર કામાણી	રાજકોટ	૨૪
૦૫-૧૨-૧૬	મુલુંડ	દીપેશ કમલેશ અભયચંદ મોતા (શાહ)	વારાપધર	૨૪
	ડોમ્બીવલી	જીંકલ (જીલ) દીપક મોરારજી ખિમસરીયા	ઉનડોઠ	૨૩

મરણ

૩૦-૧૧-૧૬	દાવણગિરી	નીતા વીરેન્દ્ર લાલકા	વારાપધર	-
૧૧-૧૨-૧૬	સાંગલી	ખેતબાઈ ભવાનજી પરબત મોતા	વારાપધર	૮૨
૧૧-૧૨-૧૬	વિરાર	ભરત નારાણજી રતનશી મૈશેરી	મોટી સિંધોડી	૪૦
૧૧-૧૨-૧૬	ખામગામ	કુ. પૂનમ રતનશી દંડ	તેરા	૬૮
૧૧-૧૨-૧૬	ભરૂડીયા	જયાબેન રાયચંદ વીરજી ધુલ્લા	ભરૂડીયા	૬૬
૧૨-૧૨-૧૬	કોઈમ્બતુર	અનિલ હિરાચંદ ધૂમ	નલિયા	૭૭
૧૨-૧૨-૧૬	મુલુંડ	પ્રેમચંદ ઠાકરશી છેડા	નલિયા	૭૯
૧૫-૧૨-૧૬	માટુંગા	લહેરચંદ ખીમજી સોની	સુથરી	૬૮
૧૫-૧૨-૧૬	માટુંગા	લહેરચંદ ખીમજી સોની	સુથરી	૬૮
૧૫-૧૨-૧૬	થાણા	દિલીપ જયચંદ મોતા	સુથરી	૬૫
૧૬-૧૨-૧૬	વલસાડ	નવલબેન લીલાધર મૈશેરી	લાલા	૯૨
૧૭-૧૨-૧૬	મુલુંડ	ધીરેન લક્ષ્મીચંદ નરશી લાપસીયા	દલતુંગી	૪૯

પુષ્પાંજલિ...શ્રધ્ધાંજલિ...સ્મરણાંજલિ

"આપની સ્નેહભરી સ્મૃતિ એજ અમારી પુંજી"

જન્મ
તા.૧૫.૦૮.૧૯૪૨

અરિહંતશરણ
તા.૧૯.૧૨.૨૦૦૯

સ્વ. સૌ. તારાબેન કુંવરજી દંડ

(ગામઃ સેવક ભરૂડિયા, મુલુંડ)

પળ વિતી, દિવસો વિત્યા, મહિના સાથે વર્ષ વિત્યા સાત
યાદ તમારી આવ્યા કરે અમ સહુને વારંવાર...
હજીએ આપનો ચહેરો પળપળ દ્દષ્ટિપાત થાય છે,
તમારી ઉપસ્થિતિ પળે પળે અનુભવાય છે.
આપને શ્રધ્ધાંજલિ આપતા આપના સંસ્કારોની કિંમત સમજાય છે.
પ્રેમાંજલિ આપતા આપની પ્રેમભરી હુંફનો અહેસાસ થાય છે.
માનાંજલિ આપતા આપને નત્મસ્તકે વંદન થાય છે.
આદરાંજલિ આપતા આપના આર્દશોને સલામ થાય છે.
ઓ દિવ્યાત્મા આપ જ્યાં હો ત્યાં પરમ સુખ શાંતિ પામો
એ જ સાતમી પુણ્યાતિથી એ પ્રભુ ચરણે પ્રાર્થના

હર પળ આપને યાદ કરનારા આપના સ્વજનો :

પતિ : શ્રી કુંવરજી ખીમજી દંડ
સાસુ-સસરા : સ્વ. દેવાબાઈ ખીમજી લધાભાઈ દંડ (સેવક ભરૂડિયા)
માતા-પિતા : સ્વ. ઠેકાબાઈ ગોવિંદજી દામજી ખોના (ગોરખડી)
પુત્ર-પુત્રવધુ : અ. સૌ. કલ્પના મનોજ કુંવરજી દંડ
પુત્રી-જમાઈ : અ. સૌ. મીતા હિતેશ હિંમતલાલ લોઢાયા
: અ. સૌ. જયશ્રી કમલેશ પાશ્વીર નાગડા
પૌત્રી-જમાઈ : અ. સૌ. ઉન્નતિ જિનેશ ભરતભાઈ ધુલ્લા (સેવક ભરૂડિયા)
પૌત્રી : સ્તુતી, પલક
દોહિત્રી-દોહિત્રા : સૃષ્ટિ, યતીશ, સંયમ

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (19-12-16)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

નિસ્સા લા બેલ્લા એટલે સૌંદર્યની સચોટ પરિભાષા ! – ચંદ્રિકા લોડાયા, જન્મભૂમિમાંથી સાભાર

નિસના ટર્કોઈઝ બ્લુ સાગરકિનારાના સૌંદર્યને નિરખતાં જ મુખમાંથી અવર્ણનીય, અદ્‌ભુત, અપૂર્વ, અજોડ, અપાર્થિવ... વિશેષણો નીકળી પડ્યાં, છતાં ઓછાં લાગ્યાં તેવું નજરને જકડી રાખનારું એનું કામણ છે.

અનુસંધાન ૧૪મા પાને

શ્રધ્ધાસુમન

જન્મ : તા. ૨૫.૦૨.૧૯૮૨

દેહ વિલય : તા. ૨૪.૧૨.૨૦૧૫

શૈલેષ મણીલાલ શામજી મોમાયા

ગામ : વરાડીયા – હાલ : વાપી

વહાલસોયાની વસમી વિદાય, વિત્યું વર્ષ પરંતુ કાળજાના કટકાને કેમ વિસરાય?
ઘડપણની લાકડી છે તારી યાદ, પત્ની માટે પ્રીત છે તારી યાદ
પુત્ર માટે પ્રેમ છે તારી યાદ, સ્નેહીઓ માટે સ્નેહ છે તારી યાદ
ભલે તુ નથી આજે અમારી સમીપ, તારી યાદ સદા અમારી સાથે છે.

❖ અશ્રુભિની શ્રધ્ધાંજલિ ❖

માતુશ્રી વાલબાઈ શામજી હીરજી મોમાયા પરિવાર, વરાડીયા
માતા-પિતા : અ.સૌ. વાસંતી મણીલાલ શામજી મોમાયા
પત્ની : જિજ્ઞા – પુત્ર : પ્રથમ
ભાઈ-ભાભી : અ.સૌ. ચાંદની મયુર મોમાયા – ભત્રીજો : કલ્પ
માતુશ્રી ધનબાઈ ઉમરશી ધરમશી પરિવાર, સુથરી
માતુશ્રી રતનબાઈ ધનજી ધરમશી પરિવાર, સુથરી
નવિનચંદ્ર ઠાકરશી રામૈયા ધરમશી પરિવાર, સુથરી
અ.સૌ. હંસાબેન ગીરીષ મેઘજી લોડાયા પરિવાર, રવા
સ્નેહીજનો તથા મિત્ર પરિવાર

|| શ્રી અનંતનાથાય નમઃ ||

૫૦ સુવર્ણ શ્રુત અભિયાનની ભૂરી ભૂરી અનુમોદના

તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના સુવર્ણ વર્ષીતપ નિમિત્તે સુવર્ણ શ્રુત અભિયાન રૂપે ૫૦મા વર્ષીતપની અનુમોદના રૂપે પ્રાચીન ગ્રંથો અને પૂર્વાચાર્યોના અપ્રગટ ગ્રંથોને પ્રગટ કરવાનો સંકલ્પ અમલમાં મુકનારા

શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ. સા. જયદર્શિતાશ્રીજી મ.સા. તેમજ ૨૭ પુસ્તિકાઓનો લાભ લેનાર શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, ચાલીસગામની ભાવભરી અનુમોદના..

KDO
અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈના પદાધિકારીઓ અને વ્યવસ્થાપક સમિતિ
શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

if undelivered, please return to :
C.D.O. PRAKASH SAMIKSHA, C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,